## ।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૮** **કુલ ગુણ : ૧૦૦**

(૩૦)

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૮)**

૧. નેઆઉયં ........ નિજ્જાણ ૨. પાઢિયારૂ ......... ભેસજ્જેણં

૩. અદિટ્ઠહડાએ ....... ઓહાસણભિક્ખાએ ૪. પરિસહોવસગ્ગા ......... વોસિરામિ

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને ક્યા પાઠમાં આવે છે?** **(૫)**

૧. અવાય વિજએ ૨. પડિક્કંતો ૩. વિસુદ્ધનાર્થે ૪. સાવયાણં આસાયણાએ ૫. લોભ

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

૧. બધા દેવ, ગુરુને માનવા તે. ૨. સૂત્ર વિરુદ્ધ કર્યું હોય. ૩. સૂર્યોથી પણ અધિક.

૪. જાણવા યોગ્ય (પણ). ૫. આકુળ–વ્યાકુળતાથી.

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. રાયહાણી, નગર, કોડુંબિય અને ગાથાપતિ એટલે શું?

૨. સામાયિક અને કાઉસ્સગ્ગ આવશ્યકથી શું લાભ થાય છે?

૩. ૧૨૪ દોષ ટાળીને પ્રતિક્રમણ કરવામાં આવે છે તે ૧૨૪ દોષ ક્યાં?

૪. સિદ્ધોની સંખ્યા કેટલી છે? સિદ્ધના જીવો ક્યાં છે? શા માટે?

૫. બાર અંગસૂત્રની રચના કોણ કરે છે? તેમને કેટલું જ્ઞાન હોય છે? તેઓ હાલમાં ક્યાં બિરાજે છે? તેમના ગુણ કેટલા છે?

૬. કેવળીનું આયુષ્ય અને તેમનો કયા પદમાં સમાવેશ થાય? સાધુની ઉંમર કેટલી અને સાધુપણામાં આયુષ્ય બાંધે તો ભવ કેટલા કરે?

(૫૦)

**પ્ર.૨ (ક) દંડકના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. કાર્મણ શરીર ૨. સમકિત દૃષ્ટિ ૩. અવગાહના ૪. સમુદ્‌ઘાત ૫. ઓજ આહાર

**(આ) મને ઓળખો.** **(૫)**

૧. મારી સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. ૨. મારે જન્મ પણ નથી અને ચ્યવન પણ નથી.

૩. મારા દ્વારા શબ્દના અર્થનું અયથાર્થ જ્ઞાન થાય. ૪. હું કેવળ સમુદ્‌ઘાત કરું છું.

૫. મારું શરીર પગથી માથા સુધી શોભાયમાન હોય.

**(ઇ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૪)**

૧. સર્વાર્થસિદ્ધના દેવ મોક્ષગતિમાં જાય છે.

૨. તેઉકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ અહોરાત્રિની છે.

૩. મન વિનાના જીવો સંજ્ઞી હોય છે.

૪. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં ચાર ઉપયોગ હોય છે.

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. નારકી અને દેવમાં સંઘયણ, સંસ્થાન, કષાય અને સંજ્ઞા કેટલા અને કયા કયા?

૨. જુગલિયાનો યોગ દ્વાર અને ગર્ભજ મનુષ્યનો આગતિ દ્વાર લખો.

૩. મિશ્ર દષ્ટિ કેટલા અને કયા કયા દંડકમાં હોય?

૪. વૈક્રિય શરીરમાં અને પદ્મ લેશ્યામાં દંડક કયા કયા?

૫. પૃથ્વીકાય કેટલી અને કઈ કઈ દિશાનો આહાર કરે?

૬. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના લખો.

૭. ત્રણ વિકલેન્દ્રિયનો દર્શન દ્વાર લખો.

૮. અસંજ્ઞી જીવ મરીને દેવમાં જાય તો વિભંગજ્ઞાન ક્યારે થાય? શા માટે?

**(ખ) કાળનું માપ અને અવગાહનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. એક શતાબ્દી અને એક લવનું માપ કેટલું?

૨. આંગુલના કેટલા પ્રકાર છે? કયા કયા? માત્ર નામ લખો.

૩. મધ્યમ અંતર્મુહૂર્ત એટલે શું?

૪. કાળનું માપ કયા સૂત્રમાં બતાવેલું છે?

૫. શાશ્વતી વસ્તુ માપવા માટે કયું આંગુલ વપરાય? એક કોશ એટલે કેટલા ધનુષ્ય?

**(ગ) ૩૨ અસજ્ઝાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચાતુર્માસના પ્રારંભમાં અને અંતમાં કઈ અસજ્ઝાય લાગે છે? શા માટે?

૨. ચંદ્રોપરાગ અસજ્ઝાય ક્યારે હોય? કેટલા સમયની? સમજણ સાથે લખો.

૩. ગર્જિત, વિદ્યુત, રાજવ્યુદ્ગ્રહ અને સંધ્યાની અસજ્ઝાય કેટલા સમય સુધી રહે છે?

૪. અસજ્ઝાય એટલે શું? તે કોને લાગુ પડે છે?

૫. ઉત્કાલિક સૂત્ર કેટલા છે? કયા કયા?

**(ઘ) મોક્ષમાર્ગની આરાધનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. મોક્ષપ્રાપ્તિનો ઉપાય કોણે બતાવ્યો છે? મોક્ષમાર્ગની આરાધના કરવા શેની આરાધના કરવી જોઈએ?

૨. ચાર ગતિના ભ્રમણનું કારણ શું છે?

૩. પૂ. સાધુ-સાધ્વીને સંયમમાં સહાયક કેવી રીતે બનશું?

૪. સ્વાધ્યાય-તપ કેવી રીતે કરશું?

૫. આત્મગુણોને કેવી રીતે પ્રગટાવવાના છે?

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મરિચી ચારિત્રથી કેવી રીતે ભ્રષ્ટ થયા?

૨. ભગવાનનો ૨૫ મો ભવ કયો હતો? ત્યાં તેમણે શું આરાધના કરી?

૩. પહેલા, પાંચમા, છટ્ઠા અને અગિયારમા બ્રાહ્મણોને શું શંકા હતી?

૪. ભગવાને અંતિમ ચાતુર્માસ ક્યાં કર્યું? તેમાં શેની દેશના આપી? ક્યારે નિર્વાણ પામ્યા?

૫. વિશ્વભૂતિ મુનિએ શું નિયાણું કર્યું? ત્યાંથી ક્યાં ઉત્પન્ન થયા?

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. સ્તોત્રં ........ લક્ષ્મીઃ.

૨. સમ્પૂર્ણ ......... યથેષ્ટમ્.

૩. સિંહાસને ........ સહસ્રરશ્મે.

૪. ઈત્થં ......... વિકાશિનોપિ.

**જય - જિનેન્દ્ર**